મહિલા અનામતના પરિપત્રમાં સુધારો કરવાની અંતે જાહેરાત

રાજ્ય સરકાર અનામત નીતિને સંપૂર્ણપણે વરેલી છે : જાડેજાની ખાતરી : એલઆરડી ભરતી પ્રક્રિયા સંદર્ભે આંદોલન કરી રહેલી મહિલાઓને આંદોલન સમેટવા સરકારનો અનુરોધ : મહિલાઓને કોઇપણ નુકસાન ન થાય તે હેતુ

ગુજરાત સરકાર અનામત નીતિને સંપૂર્ણપણે વરેલી છે અને બંધારણની જોગવાઈ મુજબ અનામતના હક અનામતના વર્ગોને આપવા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે. ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ આજે આ અંગેની જાહેરાત કરી હતી. સાથે સાથે એલઆરડી ભરતી પ્રક્રિયા સંદર્ભે આંદોલન કરી રહેલી મહિલાઓને આંદોલન સમેટવા અપીલ પણ કરવામાં આવી હતી. તેમણે એવી ખાતરી પણ આપી હતી કે, બિન અનામત વર્ગના ઉમેદવારોને પણ નુકસાન ન થાય તેની કાળજી રાખવામાં આવશે. રાજય સરકાર અનામતની નીતિને સંપૂર્ણ રીતે વરેલી છે અને બંધારણની જોગવાઈ મૂજબ અનામતના હક્કો અનામતના વર્ગોને પૂરા પાડવા કટિબધ્ધ છે.

બિન અનામત વર્ગના લોકોને પણ નુકસાન ન જાય તેની સંપૂર્ણ કાળજી પણ રખાશે. રાજય સરકારની વિવિધ ભરતી પ્રક્રિયાઓ સંદર્ભે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તા. ૧/૦૮/૧૮નો પરીપત્ર કરાયો છે તેમાં પણ યુવાઓ-મહિલાઓને કોઈપણ જાતનો અન્યાય ન થાય તે માટે જરૂરી સુધારાઓ કરવાનો પણ રાજય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. ગૃહ મંત્રી જાડેજાએ ઉમેર્યું કે રાજ્ય સરકારની વિવિધ ભરતી પ્રક્રિયા સંદર્ભે સાવવિ દ્વારા તા.૧/૦૮/૧૮ના રોજ કરવામાં આવેલ પરીપત્રના અમલમાં થયેલ વિસંગતતાને પરીણામે એસ.સી./એસ.ટી./ઓ.બી.સી. માં અનામત અને બિન અનામત વર્ગની વિસંગતતાઓ માટે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલને ભાજપાના અગ્રણીઓ અને પરીક્ષા સંલગ્ન મહિલા ઉમેદવારો દ્વારા રજૂઆત કરાયેલ હતી. તેને ધ્યાનમાં રાખીને રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીએ કોઈપણ ઉમેદવારોને અનામત સંદર્ભે કોઈ જાતનું નુકશાન ન થાય તેની સંપૂર્ણ ખાતરી આપી છે ત્યારે મહિલાઓએ પોતાનું આંદોલન સમેટી લેવું જોઈએ. ગૃહ રાજયમંત્રી જાડેજાએ કહ્યું કે એલઆરડીની ભરતીના સંદર્ભમાં આ પરીપત્રના અમલીકરણના કારણે એસસી, એસટી, ઓબીસીમાં અનામત અને બિન અનામત વચ્ચે માર્કની વિસંગતતામાં વધુ માર્કસ ગુણવત્તા ધરાવતાને અન્યાય થયો છે તેવું રાજ્યના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી સમક્ષ ભાજપાના વરિષ્ઠ આગેવાનોએ અને આના કારણે જેને અન્યાય થવાની શક્યતાઓ છે તેવા વર્ગ દ્વારા પણ રજૂઆત કરવામાં આવી હતી. જાડેજાએ કહ્યું કે મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા ત્રણ દિવસ અગાઉ એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે અનામત અંગે દેશની જુદી-જુદી હાઈકોર્ટ તેમજ સુપ્રીમ કોર્ટના ચૂકાદા અને જુદા-જુદા રાજ્યોમાં તેનું અમલીકરણ કરવાની પ્રક્રિયાના સંદર્ભમાં સર્વગ્રાહી અભ્યાસ કરીને આ ઉકેલ લાવવામાં આવશે. આ અંગે આજે રાજ્ય સરકારના મંત્રી મંડળના સભ્યો, સાંસદઓ તથા ધારાસભ્યઓએ રજૂઆત કરી હતી. જેમાં મુખ્યમંત્રીએ આ પ્રતિનિધિ મંડળને એવી ખાતરી આપી હતી કે આ અંગેનો અન્યાય નિવારવા માટે રાજ્ય સરકાર વિવિધ રાજ્યોની વડી અદાલતોએ તેમના રાજ્યોમાં અનામતના સંદર્ભમાં આપેલા ચૂકાદાઓનો સર્વગ્રાહી અભ્યાસ કરી યોગ્ય નિર્ણય કરી સુધારા વાળો પરીપત્ર બહાર પાડી વિસંગતતા દૂર કરશે. આ બાબત ધ્યાને રાખીને ગુણવત્તાના આધાર પર મહિલાઓને અન્યાય ન થાય તે માટે સરકાર દ્વારા જરૂરી સુધારા વધારા કરવામાં આવશે. એસસી, એસટી,ઓબીસીના અનામત માટે ગુજરાતની ભાજપાની સરકાર કટિબધ્ધ છે અને બિન અનામત વર્ગના અધિકારોનું પણ અમે રક્ષણ કરીશું. પ્રવર્તમાન પરીપત્ર ના કારણે ઉભી થયેલ વિસંગતતા દૂર કરવાનો મુખ્યમંત્રી કક્ષાએ લીધેલ નિર્ણય બાદ તમામ એલઆરડી મહિલા ઉમેદવારોને સરકાર તરીકે વિનંતી કરૂ છું કે તેમણે પોતાનું આંદોલન સમાપ્ત કરવું જોઈએ.

પ્રાંતિજના પલ્લાચરમાં દબાણ હટાવવા જતાં મામલો બિચક્યો

મહિલા સરપંચ મંજુલાબેનનું શું કહેવું છે

આજે અમે ગામમાં પંચાયતની ટીમ અને પોલીસ ટીમ સાથે જેસીબી લઈને દબાણ હટાવા ગયાં હતાં પણ મકાનનો આગળ રહેલ દબાણ દુર કરવા જતાં દબાણકર્તાઓ જેસીબી આવતા જ સુઈ જતાં મામલો બિચક્યો અને પણ પોલીસ ઓછી હોવાથી આજે દબાણ મુલતવી રાખ્યુ છે.

જેસીબી આવતાં દબાણકર્તાઓ આગળ સુઇ ગયા : હાલ મામલો બિચકાતા દબાણ મુલતવી : આવનાર દિવસોમાં દબાણ હટાવાશે

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના પલ્લાચર ગામમાં દબાણ હટાવવા ગયેલ ટીમ લીલાં તોરણે પરત ફરી હતી. પ્રાંતિજના પલ્લાચર ગામે છેલ્લા કેટલાય સમયથી ગામમાં દબાણોને લઈને તા.૧૧-૨-૨૦૨૦ને મંગળવારના રોજ ગ્રામ પંચાયત દ્વારા સરપંચ તલાટી પોલીસ બંદોબસ્ત સાથે ગામમાં આવેલ દબાણ દુર કરવા જતાં કેટલાક દબાણકર્તાઓ જેસીબી આવતાં આગળ સુઈ ગયા હતા તો પોલીસે સમજાવટ બાદ મામલો થાળે પડ્યો હતો પરંતુ દબાણકર્તાઓ તસના મસ ના થતાં આખરે મામલો મામલતદાર ઓફિસ સુધી પહોચ્યો હતો. એકબાજુ પોલીસ સ્ટાફ ઓછો હોવાથી તથા બીજી બાજુ ગામમાં લગ્ન પ્રસંગ હોવાથી હાલ તો દબાણ મુલતવી રાખ્યું હતું.

મામલતદારનું શું કહેવું છે

પ્રાંતિજ ઈન્ચાર્જ તલોદ મામલતદારને આ અંગે પુછતા તેવોએ જણાવ્યું કે આજે પલ્લાચર ખાતે દબાણ હટાવા પંચાયતની ટીમ જઈ હતી પણ ગામમાં લગ્ન પ્રસંગ તથા પોલીસ ઓછી હોવાથી હાલ પુરતુ દબાણ મુલતવી રાખેલ છે અને આવનાર દિવસોમાં દબાણ હટાવવામા આવશે.

બે દિવસીય શામળાજી મહોત્સવનું સમાપન

શામળાજી, તા. ૧૧

રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવુતિઓ વિભાગ ગાંધીનગર અને જિલ્લા વહિવટીતંત્ર, અરવલ્લી ધ્વારા શામળાજી મહોત્સવ-૨૦૨૦નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યના અલગ અલગ પ્રાંત જેવા કે અમદાવાદ, છોટા ઉદેપુર, પોરબંદર, સુરત, ભાવનગર, વડોદરા વગેરે સ્થળોથી આવેલ કલા મંડળીઓએ, આદિવાસી રાઠવા નૃત્ય, મણિયારો રાસ, હુડો રાસ, મરાઠી નૃત્ય, દેવ સ્તૃતિ, તલવાર રાસ, પ્રાચીન ગરબા, ખળાવાડ લોકનૃત્યો, ટીપ્પણી હેલ્લારો તેમજ લોક ડાયરો વગેરે એકથી એક ચડિયાતી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

રમત-ગમત મંત્રી ઈશ્વરસિંહ પટેલે પ્રાસાંગી પ્રવચનમાં શુભેચ્છા પાઠવતા પૂર્વ મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં તથા રાજ્યમાં ઉજવાતા ઉત્સવો લોકઉત્સવ સાથે જોડીને ઉત્સવ ઉજવવામાં આવે છે. ધાર્મિક સ્થળે આવા સાંસ્કૃતિ કાર્યક્રમો ઉજવીને વિસ્તારની સાંસ્કૃતિક પરંપરા જીવંત રાખી શકાય છે, શામળાજીમાં શામળાજી મહોત્સવ, દ્વારકામાં દ્વારકા મહોત્સવ, કચ્છના રણમાં રણોત્સવ ઉજવવામાં આવે છે જેનાથી કલાકારોમાં છુપાઈ રહેલી કલા ઉજાગર થાય છે અને લોકોમાં અનેરો આનંદ આવે છે. શામળાજી એક પુરાણ કાળીયા ઠાકોરનું મંદિર આવેલ છે કાળીયા દેવની અપાર શ્રધ્ધા રાખી પોતાની મનોકામનાઓ પૂર્ણ કરે છે. શામળાજી મહોત્સવ ચોથીવાર યોજી અનેક કલાકારોને પોતાની કલાથી દર્શન કરાવ્યા છે.

આ પ્રસંગે વન અને આદિજાતિ વિકાસ વિભાગ અને પ્રભારી મંત્રી રમણ પાટકરે કલાકારોને શુભેચ્છાઓ આપતાં કલામાં ખુબ પ્રગતિ કરે પોતાનામાં દબાયેલી કલાને ઉજાગર કરવાનું કામ કરી રહાઈ છે જે પ્રસંશનિય છે આવા પવિત્ર ધામમાં ખરેખર દેવ દર્શન જેવી સહાનુભૂતિ થાય છે. ગુજરાત સરકાર જે વિકાસના કામો કરી રહી છે તેમાં સહયોગ આપવા અને શામળાજી પરિસરમાં સ્વચ્છતા રાખવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

આ મહોત્સવમાં બીજા અને અંતિમ દિવસે બહેરા મુંગા શાળા ભાવનગરના મૂકબધીર બાળકોએ ગોવિંદ બોલો હરી ગોપાલ બોલોનો સંગીત પર નૃત્ય કરી દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા. આ ઉપરાંત રાસ, નૃત્ય, લાઠી નૃત્ય, કેરવાનો વેશ, ગરબી, લોકનૃત્ય વગેરે એકથી એક ચડિયાતી કૃતિઓ રજૂ કરીને દર્શકોને આકર્ષિત કર્યા હતા અને આ તમામ કૃતિઓને કુલ-૩,૦૫,૦૦૦ પુરસ્કાર સ્વરૂપે ચુકવ્યા હતા. અંતમા હાસ્ય કલાકાર શાહબુદીન રાઠોડ દ્વારા હાસ્ય રસ રેલાવી દર્શકોને પેટ પકડીને હસાવ્યા હતા.

મોડાસામાં આમ આદમી પાર્ટીના વિજયને વધાવતા કાર્યકરો

મોડાસા, તા. ૧૧

દિલ્હીમાં અરવિંદ કેજરીવાલે ભાજપ અને કોંગ્રેસ પર રીતસરનું ઝાડુ ફેરવી દીધુ છે. દિલ્હી વિધાનસભામાં આમ આદમી પાર્ટીએ ૬૦થી વધુ બેઠકો જીતી ફરી એકવાર સરકાર રચતા હેટ્રિક નોંધાવાની સાથે સત્તા જાળવી રાખતા ગુજરાત સહીત અરવલ્લી જિલ્લાના આમ આદમીના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. મોડાસા શહેર સહીત જિલ્લાના તાલુકા મથકોએ આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓએ ફટાકડા ફોડી મોં-મીઠુ કરાવી જીતનો જશ્ન મનાવ્યો હતો.

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના પ્રચારમાં અરવલ્લી જિલ્લાના કાર્યકરો મોટી સંખ્યામાં પહોંચ્યા હતા અને દિલ્હીની ગલીઓ-ગલીઓમાં સપ્તાહભર ફરી અરવિંદ કેજરીવાલ અને આમ આદમી પાર્ટીએ કરેલા વિકાસના અને લોક ઉપયોગી કામોને ઘરે-ઘરે પહોંચાડ્યા હતા.

મંગળવારે જાહેર થયેલ દિલ્હીના પરિણામોમાં સતત

ત્રીજીવાર વિધાનસભામાં આમ આદમી પાર્ટીનો દબદબો યથાવત રહેતા ભવ્યાતિભવ્ય વિજય થતા મોડાસા શહેરમાં ચાર રસ્તા ખાતે અરવલ્લી જિલ્લા આમ આદમી પાર્ટીના પ્રમુખ ડી.બી. ડામોર, ઉપપ્રમુખ ઉસ્માન લાલા, પોપટભાઈ બારીયા, મહામંત્રી ભરત ઠાકોર સહિત મોડાસા તાલુકાના પદાધિકારીઓ અને કાર્યકરોએ ફટાકડા ફોડી વિજયોત્સવ મનાવ્યો હતો. મેઘરજ અને ભિલોડામાં પણ આમ આદમીના કાર્યકરોએ ફટાકડા ફોડી મોં મીઠું કરાવી જીતનો જશ્ન મનાવ્યો હતો.

આંદોલન કરીશું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સુચવવામાં આવ્યો છે તે ફગાવી દેશે તો કોંગ્રેસ પક્ષ સામાન્ય સભામાં પણ બજેટને સર્વાનુમતે પસાર કરવામાં સહકાર આપશે. તેમણે આ સાથે એવી પણ ચીમકી આપી છે કે, જો આમ નહિ થાય તો પ્રજાની સાથે તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે મળી કોંગ્રેસ જનઆંદોલન છેડશે અને તેની સમગ્ર જવાબદારી મનપા તંત્રની રહેશે.

33 કરોડ બાકી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નાગરિકોના ખિસ્સાને ભારણ આપવામાં આવી રહ્યુ છે. આ અંગે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ કોર્પોરેશને વેરામાં ૫ ટકાનો વધારો કર્યો છે. અગાઉ અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા વેરો વધારવામાં આવતા સરકારે દરમિયાન ગીરી કરીને વેરો ઘટાડવા સુચના આપી હતી. આ જ રીતે ગાંધીનગરમાં પણ નાગરિકો પર વેરાનો બોજ વધે નહીં તે માટે સરકારે સુચના આપી નાગરિકોને સેવા અને સુવિધા પુરી પાડવાની દીશામાં ધ્યાન કેન્દ્રીત કરવુ જોઈએ. આકરા કરભારણને મુલ્તવી રાખી નગરજનોને રાહત આપવી જોઈએ. કોર્પોરેશન દ્વારા નવો સર્વે કરાયો તે મુજબ પણ જુના સર્વેની સાપેક્ષમાં કાર્પેટ એરિયા વધારી દેવાયો છે. તે પણ અચરજ પમાડે તેવી બાબત છે. કોર્પોરેશન કક્ષાએથી આકરો વેરો વસુલવા ગતિવિધિઓ હાથ ધરાઈ છે. ત્યારે નગરના સરકારી મકાનો હેલીપેડ મેદાન સ્થિત પ્રદર્શન અને મહાત્મા મંદિરનો વેરો હજુ સુધી ભરપાઈ કરવામાં આવ્યો નથી. અંદાજિત ૩૩ કરોડ જેટલો વેરો બાકી છે. ત્યારે પહેલા આ વેરાની ચુકવણી થાય તે માટે આયોજન થવુ જોઈએ. પ્રજાના પૈસે પ્રજા પર જ ભારણ વધારવાની વાત યોગ્ય નથી.

ફિર એકબાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

સમાચાર એ રહ્યા છે કે, વર્ષ ૨૦૧૫ની સરખામણીમાં ભારતીય જનતા પાર્ટીની મત હિસ્સેદારીમાં ઉલ્લેખનીયરીતે વધારો થયો છે જ્યારે આમ આદમી પાર્ટીને મત હિસ્સેદારીના મામલામાં નુકસાન થયું છે. એએપીને ૨૦૧૫ની સરખામણીમાં આંશિક નુકસાન થયું છે. જો કે, કેજરીવાલની લોકપ્રિયતા દિલ્હીના લોકોમાં અભૂતપૂર્વ રહી છે અને આ બાબતની સાબિતી પરિણામથી મળી છે. આમ આદમી પાર્ટીએ ૬૨ સીટો પર જીત પર જીત મેળવી લીધી હતી જ્યારે ભાજપના આઠમાં ૮ સીટો આવી છે. કોંગ્રેસને ફરી એકવાર ખાતુ ખોલવામાં પણ સફળતા મળી નથી. કોંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટીએ હાર સ્વિકારી લીધી છે.

સત્તાવાર જાહેરાત

● અનુસંધાન પહેલાનું ચાલુ

સપ્તાહમાં જ ફોન પર વાતચીત થઈ છે. મોદીના વતન રાજ્ય ગુજરાત અને અમદાવાદમાં ટ્રમ્પના કેટલાક કાર્યક્રમ છે. ટ્રમ્પથી પહેલા અમેરિકાના પ્રમુખ રહેલા બરાક ઓબામાએ વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૫માં ભારતની યાત્રા કરી હતી. ૧૬મી જાન્યુઆરીના દિવસે વિદેશ મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યું હતું કે, ટ્રમ્પની સૂચિત ભારત યાત્રાનો કાર્યક્રમ તૈયાર થઈ રહ્યો છે. ગયા વર્ષે સપ્ટેમ્બર મહિનામાં હ્યુસ્ટનમાં હાઉડી મોદી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ટ્રમ્પ પોતે પણ ઉપસ્થિત રહ્યા હતા. તે વખતે મોદીએ ટ્રમ્પ અને તેમના પરિવારને ભારત આવવા આમંત્રણ આપ્યું હતું. ગુજરાતના મુખ્યમંત્રી રૂપાણી પણ પોતાના ભાષણમાં કહી ચુક્યા છે કે, ટ્રમ્પ ગુજરાતમાં સાબરમતીની મુલાકાત પણ લેનાર છે. બંને નેતાઓ ફ્રાંસમાં જી-૭ની બેઠકમાં પણ ગયા વર્ષે ઓગસ્ટમાં મળ્યા હતા. ભારત અને પાકિસ્તાન વચ્ચે જોરદાર વિખવાદ છે ત્યારે આ યાત્રા ઉપર દુનિયાની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. મોદી અને ડોનાલ્ડ ટ્રમ્પ હેલિકોપ્ટર મારફતે પહોંચશે તેવું આયોજન થઈ રહ્યું છે. ટ્રમ્પના અમદાવાદ કાર્યરક્રમને ધ્યાનમાં રાખીને ૨૫ હજારથી પણ વધુ સુરક્ષા જવાનો ગોઠવવામાં આવનાર છે. ફેબ્રુઆરી મહિનાના અંતમાં અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ મોટેરાના લોકાર્પણ અર્થે આવવાના હોઈ તેને લઈ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, પોલીસ અને રાજય સરકારી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ અને સુરક્ષા વ્યવસ્થાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

લીવરપુરના પ્રમોટરો દ્વારા રૂ. ૩૦૦ કરોડથી વધુના કૌભાંડનો પર્દાફાશ

અમદાવાદ, તા.૧૧

તૈયાર કપડા ક્ષેત્રે જાણીતી કંપની લિવરપુલના પ્રમોટરો દ્વારા આચરેલા રૂ. ૩૦૦ કરોડના કૌભાંડનો પર્દાફાશ ઈન્વેસ્ટર્સ અને વેન્ડર પ્રોટેક્શન દ્વારા કરવામાં આવ્યો છે.

ઈન્વેસ્ટર્સ અને વેન્ડર પ્રોજેક્ટશન દ્વારા આજે અમદાવાદ ખાતે લિવરપુલ રીટેલ ઈન્ડિયા લિ.ના પ્રમોટર વિજયસિંહ રાઠોડ દ્વારા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, બેંક ઓફ ઈન્ડિયા, ઈન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટ, ફ્રેન્ચાઈઝી સહિત સપ્લાયર્સ સાથે કરાયેલ છેતરપીંડીનો ઓથોરાઈઝ્ડ ડૉક્યુમેન્ટ સાથે પર્દાફાશ કર્યો હતો.

આ અંગે જોબ વેલ્ફેર ટ્રસ્ટ સંચાલિત ઈન્વેસ્ટર્સ એન્ડ વેન્ડર પ્રોટેક્શન સેલના દિનેશસિંગે આજે પત્રકાર પરિષદ યોજી આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, લિવરપુલ ઈન્ડિયા લિ.ના પ્રમોટર વિજયસિંહ રાઠોડ દ્વારા કંપની દ્વારા થતી ચૂકવણીમાંથી ટીડીએસની રકમ કાપી સરકારમાં જમા નહીં કરાવીને રૂ. ૩૧.૧૬ કરોડનું કૌભાંડ આચર્યું છે. આ ઉપરાંત કંપનીમાં નોકરી કરતા લોકોના પીએફની રકમ પણ કાપીને પીએફ ખાતામાં જમા ન કરાવી કંપનીના લોકો સાથે છેતરપીંડી કરે છે. આ સાથે કંપનીના પૈસાનું ડાયવર્ઝન ઈરાદાપૂર્વક કરી કંપનીને નાદાર બનાવી ફ્રેન્ચાઈઝીઓ સાથે રૂ. ૧૦૦ કરોડ અને સપ્લાયર્સ સાથે રૂ. ૧૦૦ કરોડ મળીને રૂ. ૨૦૦ કરોડની છેતરપીંડી કરી છે. જ્યારે રાષ્ટ્રીયકૃત બેંકોમાં મેનીપ્યુલેટેડ બેલેન્સશીટ તથા ઓવર વેલ્યુએશનવાળી પ્રોપર્ટી મોરગેજ મુકી રૂ. ૧૦૦ કરોડથી વધુની લોન લઈને બેંકો સાથે છેતરપીંડી કરી છે.

કંપની પર ૭૫ જેટલા કેસો થવા છતાં પણ હજુ સુધી પ્રમોટરોને કોઈ ઉની આંચ આવી નથી, આ સંજોગોમાં લિવરપુરલના તમામ બેંક એકાઉન્ટની ઝીણવટભરી તપાસ કાઈમ બ્રાન્ચ તથા ફોરેન્સિક વિભાગ દ્વારા કરવાની માંગણી કરવામાં આવી છે.